वर्ष : ११ सने : २०१९ सं.२०७५
अंक : १०, સળંગ અંક-८३ महा फेब्रुआरी

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૧૦ ફેબ્રુઆરી મહા/સળંગ અંક-૮૩


**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**


**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ શ્રાવકધર્મ - ૨

★ હાલતો ચાલતો ઉકરડો

★ ચિંતનયાત્રા

★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની કલમે

★ અનુમોદનાનું અમૃત


## આર્ષવાણી

**नालिकेरसमाकारा,**

**दृश्यन्ते खलु सज्जनाः।**

**अन्ये बदरीकाकारा,**

**बहिरेव मनोहराः ।।**

સજ્જન પુરુષો નારિયેળ જેવા અંદરથી અને બહારથી સુંદર આકારવાળા (સમાનવૃત્તિ-વર્તનવાળા) છે. દુર્જનો માત્ર બોરડી-બોરની જેમ બહારથી જ (મીઠું બોલવા દ્વારા) સારા ગણાય છે, મનોહર લાગે છે.

કૃતજ્ઞ એવા સ્વામી (માલિક) નો સંસર્ગ, ઉત્તમસ્ત્રી સાથે પાણિગ્રહણ અને લોભ વગરની વ્યક્તિને મિત્ર બનાવે તે ક્યારેય ન સિદાય.





-પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

ગતાંકમાં શ્રાવકાચાર પૈકી જિનભક્તિ-પૂજાની વાત વિચારી. હજી આ જ વિષયની વિચારણામાં આગળ વધીએ.

જિનભક્તિ કે પૂજાના ઘણા પ્રકારો પડે છે. આપણે ત્યાં નવધાભક્તિની પણ વાત આવે છે, જેમાં લગભગ તમામ પ્રકારની (દ્રવ્ય-ભાવ, અંગ-અગ્ર-ભાવપૂજાના ભેદો સમાઈ જાય છે.

૧.શ્રવણ ૨. સ્મરણ ૩.કીર્તન ૪.વંદન ૫.અર્ચન ૬. પાદસેવન ૭.દાસ્ય ૮.સખ્ય અને ૯.આત્મનિવેદન.

વર્તમાનમાં થતી તમામ પ્રકારની અંગપૂજા અને અગ્રપૂજાનો સમાવેશ પાંચમા નંબરની અર્ચનભક્તિમાં થઈ જાય છે. ભગવદ્‌ભક્તિ ભક્તને ભગવાન બનાવે છે. પ્રભુજીના ભક્તો જો શ્રદ્ધાના અને એકાગ્રતાના પાયા ઉપર ભક્તિની ઈમારત રચે તો દેવલોકના દેવોય ખુશ થઈ જાય છે. એ દેવો ભક્તોનાય ભક્ત બની જાય છે. દ્રવ્યભક્તિમાં દેવો ગમે તેટલા આગળ હશે પરંતુ અમુક રીતે માનવની તોલે તો ન જ આવી શકે.

જેમ વીતરાગસ્તોત્રમાં તમામ પ્રકારની ભક્તિનો સમાવેશ થાય છે, તેમ આ નવ પ્રકારની ભક્તિમાં તમામ પ્રકારનો સમાવેશ થાય છે. ઉપરોક્ત નવ પ્રકારની ભક્તિમાં શરૂઆતના છ પ્રકારમાં પરમાત્માનાં ગુણગાન મુખ્ય છે. દાસ્ય-ભક્તિમાં ભગવાનના દાસ બનીને ભક્તિ કરવાની હોવાથી ભગવાનને સ્વામી - નાથ બનાવી આપણે સેવક-સેવિકા બનીને પ્રભુ ભક્તિ કરવાની છે. જ્યારે સખ્યભક્તિમાં તે ભગવાનના મિત્ર બનવાનું છે. મિત્રની સાથે જે રીતે વાત કરીએ, મિત્રને જે રીતે ઠપકો આપવામાં આવે તે સંબંધથી વાતો કરવાની છે.આપત્તિમાં જેમ મિત્રને યાદ કરવામાં આવે છે, તેમ ભગવાનને યાદ કરવાના છે. છેલ્લી આત્મનિવેદનભક્તિમાં પોતાની આપવીતી જણાવવાની, પોતાના દોષોની રજૂઆત કરવાની, પાપોનો એકરાર કરવાનો, પોતાનું દિલ ખોલીને તમામ વાતો ભગવાન પાસે જાહેર કરી દેવાની.

ત્રિકાળપૂજામાં સામાન્ય રીતે સવારે વાસક્ષેપથી પૂજા કરવાની છે. બપોરે-મધ્યાહ્ન સમયે અષ્ટપ્રકારી પૂજા કરવાની છે. સાંજની સંધ્યાએ ધૂપ-દીપ વગેરે પૂજા કરવાનું વિધાન છે. ત્રણે ટંક દેવવંદન કરવાની વાત અહીં જણાવી છે. સ્તુતિ-

સ્તોત્રનાં માધ્યમથી હંમેશા ભક્તિ કરવાનું વિધાન અહીં પણ મૂકવામાં આવ્યું છે. અન્ય શાસ્ત્રોમાં પણ તિજયપહુત્ત, સંતિકરં, નમઊણ આદિ સ્મરણો-સ્તોત્રોનાં માધ્યમથી ભક્તિ કરવાની વાત વાચવા-સાંભળવા મળે જ છે. આ સ્તોત્રોની રચના ભક્તિ માટે જ તો કરવામાં આવી છે. નવ સ્મરણ સિવાય પણ ઘણાં સ્તોત્રો આપણે ત્યાં ભક્તિ કરવા માટે રચેલાં મળે જ છે. રોજ નવાં સ્તોત્રની રચના દ્વારા પ્રભુભક્તિ કરનારા સૂરિવરો-મુનિવરોની વાતો ઈતિહાસનાં પાનાંઓમાં જોવા મળે છે.

વાજિંત્ર - ગીત - નૃત્ય વગેરે ભક્તિનો સમાવેશ કીર્તનભક્તિમાં થઈ શકે છે. જાપ-ધ્યાનથી થતી ભક્તિનો સમાવેશ સ્મરણભક્તિમાં થાય છે. ભગવાનનાં ચરિત્રો-ગુણોનું શ્રવણ એ પ્રથમ પ્રકારમાં આવે છે. ખમાસમણ - ચૈત્યવંદન - દેવવંદનનો સમાવેશ 'વંદન' ભક્તિમાં થાય છે. માનવની જેમ આ નવે પ્રકારની ભક્તિ દેવોય કરી શકે છે.

ભગવાન, ભક્ત અને ભક્તિના સંગમથી અનેક ઈતિહાસ રચાયા છે. આવા ઈતિહાસની યાત્રા કરવા જેવી છે. એમાંથી પણ ઘણી પ્રેરણા મળે છે.આવો ઈતિહાસ આપણને બળ આપે છે. આપણે પણ આવો ઈતિહાસ બનાવી શકીએ છીએ. ભક્તિ માટે જિનબિંબ ભરાવવાની ક્રિયા, એની પ્રાણપ્રતિષ્ઠા - ગાદીનશીનરૂપ પ્રતિષ્ઠા કરાવવી જોઈએ. ભક્તિના પ્રકારમાં જ આનો નંબર લાગે છે. ભક્તિ કરતાં પહેલાં ભગવાનને બરાબર ઓળખવા જોઈએ. એમના જીવનનો, ગુણોનો પરિચય થવો જોઈએ. ભગવાનને ઓળખ્યા પછી ભક્તિ થાય તો એમાં ભાવ સારો જાગે છે. ભાવમાં તો કેવળજ્ઞાન આપવાની, તીર્થંકરનામ કર્મ બાંધી આપવાની શક્તિ રહેલી છે. રાવણ રાજા, ધન્યકુમાર, શ્રેણિકરાજા, દેવપાળ સુલસા વગેરે ઘણાં ભવ્યોનાં નામો આવી યાદીમાં આવે છે.

શરૂઆતમાં ભગવાન અને ભક્તનો સંબંધ હોય છે...સમય જતાં આ ભેદરેખા નીકળી જાય છે. ભક્ત ભગવાન બની જતાં ભેદસંબંધ, અભેદ સંબંધમાં પરિવર્તિત થઈ જાય છે. નવો તૈયાર થયેલો એ સંબંધ શાશ્વત બની જાય છે. સિદ્ધશિલા એ જીવાત્માથી અલંકૃત બની જાય છે. આવો શાશ્વત નાતો જોડવા સૌ ભક્તો થનગનતા હોય છે. આત્મા કૃતકૃત્ય થયેલો ગણાય છે. ભક્ત-ધ્યાતા-સેવક-આરાધક વગેરે વિશેષણો બદલાઈને ભગવાન-ધ્યેય-સેવ્ય-આરાધ્ય જેવાં વિશેષણોને યોગ્ય બને છે. વિવિધ પ્રકારની વિહિત જિનભક્તિનાં શ્રેષ્ઠતમ આલંબનથી આપણે પણ આવા જ પરમપદને પામીએ; એ જ મંગલકામના.



હવે શ્રાવકાચારના આગળના ધર્મની વાતો વિચારીએ.

આ શ્રાવક અહિંસા-સત્ય-અસ્તેય વગેરે અણુવ્રતસ્વરૂપ ધર્મમાં નિશ્ચિત મતિવાળો હોય-હોવો જોઈએ. હિંસા વગેરે પાપોથી-દોષોથી નિવૃત્ત હોવો જોઈએ. પાપોની નિવૃત્તિ સિવાય અણુવ્રત કે મહાવ્રતનો ધર્મ થઈ શકતો નથી. પાપરૂપી કચરો અને ગંદકીથી આત્મા ઉકરડા જેવો બને છે. આત્માને ઉકરડો બનતાં અટકાવવા માટે આ અણુવ્રતરૂપ દેશવિરતિ - શ્રાવકધર્મ છે. આત્મસરોવરમાં કર્મરૂપી પાણીને આવતું અટકાવનાર આ વ્રતો છે. શ્રાવક એક દિવસ - એક ક્ષણ પણ વ્રત-પચ્ચક્ખાણ વગર ન રહે; એમ શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે. વળી, એમ પણ જણાવ્યું છે કે વ્રત (વિરતિ) નો અભ્યાસ આ માનવજન્મમાં ન પાડવામાં આવે તો ; જ્યાંથી જીવ અનંતકાળે નીકળે છે ત્યાં એટલે કે નિગોદમાં પાછો ચાલ્યો જાય છે. મતલબ એ થયો કે જો આ માવનજન્મને અનુરૂપ કર્તવ્યો, પ્રભુની આજ્ઞા ન માની તો ફરી માનવનો જન્મ ગુમાવી એકેન્દ્રિયમાં, એમાં પણ નરક કરતાંય વધુ યાતના છે તેવી નિગોદમાં ચાલ્યા જવું પડે છે. તેથી જ આ જન્મમાં વ્રત-પચ્ચક્ખાણથી કે તેના ભંગથી ડરવાની જગ્યાએ વ્રત-પચ્ચક્ખાણના આશક બનવા જેવું છે, તેના પ્રેમી બનવાનું છે. વ્રતનો પ્રેમ માનવને મહામાનવ -દેવ- દેવાધિદેવ બનાવે છે. સંસારના રખડતા રામ જેવા સભ્ય મિટાવી સિદ્ધલોકના શાશ્વત સભ્ય બનાવવા સમર્થ છે.

વ્રત કહેવાથી પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતઃ આમ મૂલગુણ-ઉત્તરગુણ વગેરે ગ્રહણ કરવાં. વ્રતો વાડની જગ્યાએ છે. ખેતરમાં રહેલા પાકનું રક્ષણ વાડથી થાય છે, તે જ રીતે આત્મારૂપી ખેતરમાં રહેલા ગુણરૂપી પાકની સુરક્ષા આ વ્રતોથી થાય છે. પહેલા અણુવ્રતની સુરક્ષા માટે બાકીનાં વ્રતો છે. બીજી રીતે વિચારીએ તો તમામ વ્રતો એક-બીજાનાં પૂરક છે, પુષ્ટિ કરનારાં છે. જેટલાં વધુ વ્રતો લેવામાં આવે તેટલી આત્મસુરક્ષા વધારે થાય છે. પાપથી બચવાનું કાર્ય સરળ બની જાય છે. પાપની વૃત્તિઓ ઉપર જ 'બ્રેક' લાગતી હોવાથી પાપની વૃત્તિમાં ચોક્કસ ઘટાડો થાય છે. પાપવૃત્તિ જેટલી 'પાવરફૂલ' તેટલો કર્મબંધ પણ ચીંકણો-નિકાચિત-પાવરફૂલ હોય છે.

હવે આગળ વધતાં ઉપદેશમાળાકાર નવા શ્રાવકાચારને વર્ણવતાં જણાવે છે કે - અન્ય- મિથ્યાદૃષ્ટિ - સરાગી દેવો પર નહિ, માત્ર ને માત્ર વીતરાગ પરમાત્માસ્વરૂપ દેવતત્ત્વ પર જ અનન્ય શ્રદ્ધાવાળો હોય. જગતમાં દૈવી તત્ત્વોની

'ભરમાર' ખડકાયેલી છે. ભિન્ન ભિન્ન નામોથી ઓળખાતા સરાગી દેવો-દેવીઓનો તોટો નથી. સ્વર્ગમાં વસનારા, ક્યારેક ખુશ થનારા તો ક્યારેક ખોફમય સ્થિતિમાં પરિવર્તન પામનારા, ક્યારેક કોપાવેશમાં તો ક્યારેક ભાવાવેશમાં આવી જતા, ક્યારેક પ્યાર કરનારા તો ક્યારેક પરેશાન કરનારા, કોઈક અજ્ઞાનતાની અવસ્થામાં તો કોઈક ક્રોધાવસ્થામાં જણાતા, કોઈક ધ્યાનાવસ્થામાં તો કોઈક દ્વેષાવસ્થામાં રહેનારા...હંમેશા મોહને આધીન બનેલા, સંસારના ભાવોમાં રમનારા, પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થયેલા, સંજ્ઞાઓની નાગચૂડમાં સપડાયેલા, પુણ્યના ખેલથી નિગોદમાંથી આગળ વધતા આજે દિવ્યાવસ્થાને પ્રાપ્ત થયેલા...ભવિષ્યમાં ફરી તે જ નીચગતિઓમાં ભમવા-ભટકવાના સ્વભાવવાળા, રાગાદિ ભાવોથી કલુષિત ચિત્તવાળા દેવી-દેવતાઓને તે શ્રાવક ઉપાસ્ય ન જ માને. આવા રાગ-મોહાદિના ભાવોથી કાયમ માટે 'પર' બનેલા, નિર્મોહી, વીતરાગી, દેવાધિદેવને જ અનન્ય ઉપાસ્ય માને.

દુનિયામાં આવું શ્રેષ્ઠતમ દેવતત્ત્વ બીજું કોઈ જ નથી. કવિરાજોએ ભક્તિભર્યાં હૈયે આ પરમાત્માની ગુજરાતી-મારું-હિંદી-રાજસ્થાની, પ્રાકૃત-સૌરસેની-સંસ્કૃત વગેરે ભાષાઓમાં સ્તવના કરી છે તે જોતાં એમ લાગે કે આ દેવતત્ત્વને સારી રીતે, ઊંડાણથી ઓળખવાની જરૂર છે. તે ઓળખ્યા પછી 'અમૃતનો ઘુંટ લીધા પછી જગતની કોઈ જ ચીજમાં, ખાદ્ય કે પેય પદાર્થમાં આવો સ્વાદ તો ન જ મળે..' તેમ આ દેવતત્ત્વની આગળ જગતમાં ગણાતાં દૈવી તત્ત્વો ફીક્કાં લાગે જ !

જેમ એક સ્તવનાકાર જણાવે છે - 'કેઈક રાગી, કેઈક દ્વેષી, કેઈક લોભીદેવ; કેઈક મદ-માયાના ભરિયા, કિમ કરીએ તસ સેવ ?ના રે પ્રભુ નહીં માનું અવરની આણ..' હું તો માત્ર વીતરાગાવસ્થામાં રહેલા દેવતત્ત્વનો જ ઉપાસક છું. આવા રાગી, દ્વેષી, લોભી-મદ-માયાથી ભરેલા દેવોની સેવા કઈ રીતે કરું ? કારણ, એ દેવો કે દેવીઓ કર્માધીન હોવાથી ગમે ત્યારે તેમનું સ્વરૂપ, તેમની કાર્યવાહી બદલાઈ જાય છે. પોતે જ જ્યારે અસ્થિર છે તો મને કઈ રીતે સ્થિર બનાવી શકે ? પોતે જ કર્મની જાલિમપીડાઓ નીચે કચડાયેલા - દબાયેલા રહેતા હોય તો મારી નાની-મોટી પીડા કઈ રીતે શાંત કરી શકશે ? પોતે જ ભયભીત હોય તો મને કઈ રીતે ભયમુક્ત બનાવી શકે ? પોતે જ ક્રોધની આગમાં બળતા હોય તો મને શીતળતા કઈ રીતે બક્ષી શકશે ? પોતે જ માયાજાળ બિછાવી કૈંકને ઠગતા હોય તો મને પણ



કેમ ન ઠગી શકે ? બીજાએ બિછાવેલી માયા પોતાને જકડી લેતી હોય તો તે મને ક્યાંથી માયાજાળમાંથી ઉગારી શકશે ? કર્મે રચેલી અટપટી રમતમાં પોતે જ ફસાયેલા હોય તો તે મને ક્યાંથી મુક્તિ અપાવી શકશે ?

સ્તનવાદિનાં માધ્યમથી આવી તો ઘણી વિચારણાઓ કરી શકાય છે. આ વિચારણાઓ દ્વારા માયાવી દેવોની મોહજાળમાંથી બચી દેવાધિદેવના સુરક્ષા કવચમાં પહોંચી જવાનું છે. આવું દેવતત્ત્વ જ સંપૂર્ણ શુદ્ધ છે. પોતે પૂર્ણતાને પામ્યા હોય તે જ અન્યને પૂર્ણાવસ્થા પ્રદાન કરી શકે ને ?

સુવિશુદ્ધ દેવતત્ત્વના ઉપાસક બનવાની જેમ સુવિશુદ્ધ મોક્ષમાર્ગનું માર્ગદર્શન કરનારાં, પૂર્વાપર વિરોધ - બાધ ન આવે એવાં, સન્માર્ગ દેશક સત્રૂપસ્તોત્રોને જ માનવાનાં છે. એ શાસ્ત્રોમાં ફરમાવેલી આજ્ઞાને જ આધીન રહી સાધના કરવાની છે. કુદેવની જેમ કુશાસ્ત્રોથી પણ બચવાનું છે, આની વિચારણા હવે પછી (ક્રમશઃ) ..ધ

## ★ હાલતો ચાલતો ઉકરડો : દેહ ★★★

- પૂ. આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

એક જ્ઞાની ભગવંતે શરીરને ઓળખીને, અંદર-બહારથી તેના સ્વરૂપને જાણીને એક સંસ્કૃત શ્લોકમાં જણાવ્યું છે કે - દૂર રહેલા નાના ઉકરડાને જોઈ તું નાક મચકોડે છે. તેના તરફ જુગુપ્સા કરે છે, ઘૃણાનો ભાવ લાવે છે. પરંતુ હે મૂઢ ! ઉકરડા જેવી જ ભયંકર અશુચિથી ભરેલા સ્ત્રીના શરીરની અભિલાષા કયા કારણે કરે છે ? ઉકરડા કરતાંય વધારે દુર્ગંધ - અશુચિ એ સ્ત્રીના શરીરમાં હોય છે. લોહી-માંસ-મેદ-વસા-કફ-હાડકાં-મળ-મૂત્ર વગેરે ગંદકીનો ખજાનો સ્ત્રીના દેહમાં ભરેલો છે ! માત્ર ઉપર ચામડું મઢેલું છે તેના કારણે એ ગંદકી દેખાતી નથી.

વળી, આ કાયાનો સ્વભાવ એવો છે કે - ગમે તેટલી સારી - પવિત્ર દેખાતી ચીજ પેટમાં નાંખો.... એને અશુચિ - અપવિત્ર બનાવી દે છે ! આખરે આ દેહમાંથી જીવ ચાલ્યા ગયા પછી માનવ એની સામે જોવા પણ તૈયાર થતો નથી. એ શરીરમાં કીડા પડી જાય છે. એ કીડા એની મીજબાની માણે છે. આગળ વધીને કાગડા, ગીધડાં, શિયાળાદિ એની ઉજાણી કરે છે. છેવટે તેને; કાયાનાં જ સગા ગણાતા જીવો જ ભેગા મળી, બાળીને રાખ કરી નાંખે છે ! (એ સગા શરીરના કારણે જ હતા ને ? છતાં એ શરીરને સાચવવા કોઈ તૈયાર થાય છે ? જીવના સગા કોણ છે ? જીવને જોઈ સગપણ કોણ બાંધે છે ? જીવનો સંબંધ હોય તો જીવ છે ત્યાં સુધી કાયમ રહેવો જોઈએ. અને જીવ તો નાશ પામતો જ નથી. શાશ્વત છે.)

આવા શરીર પર માંસ - મેદ - વસા - રક્તાદિથી ભરેલા દેહ પર મોહ રાખવાની જગ્યાએ એ જ કાયાથી આત્મહિત સાધી લેવું જોઈએ.

એક ક્ષણ માટે કલ્પના કરો કે - ઘડિયાળ વગેરે કેટલીક ચીજો ઉપર કાચ મઢેલો હોય છે. બંને બાજુ કાચ હોવાના કારણે એના અંદરના મશીન, એનું હલન-ચલન વગેરે બહારથી સ્પષ્ટ જોવા મળે છે. આવું જ ટ્રાન્સપરન્ટ કવચ આ શરીર પર હોય તો કયો માણસ આવા શરીરને ઈચ્છે ? કયો માનવ આવા શરીર પર મોહ રાખે ? કયો માનવ આવા શરીર સાથે સંબંધ બાંધવા ઈચ્છે ? કયા માનવને-જીવને આવા ઉકરડા જેવા શરીરમાં વાસ કરવાનું - રહેવાનું મન થાય ? શરીર પર રહેલા બારદાનના કારણે આ બધું ઢંકાઈ જાય છે તેથી જ જીવ એ બારદાનના મોહ-પાશમાં ફસાય છે. સાચવવાનું બારદાનને નહીં; માલને છે. માલ ક્યારેય બગડતો નથી. બારદાન હંમેશા બગડે છે !

શરીરમાં થયેલા રોગની ચિંતા સતત કરનારો માનવ આત્મામાં થયેલા રોગો (દોષો)ની કાળજી-ચિંતા કરતો નથી. આગળ વધીને એમ કહેવાય કે ચિંતાની વાત જવા દો, ઘોર ઉપેક્ષા જ કરે છે. પરિણામે તિર્યંચ અને નારકનાં વધુ ખતરનાક, બિહામણાં, અત્યંત દુઃખદાયક દેહમાં રહેવાની સજા ભોગવવી પડે છે. શરીરના રોગોનો આંકડો (ઉત્કૃષ્ટ ૫,૬૮,૯૯,૫૮૪ છે.) સંખ્યામાં ઉતારી શકાય છે. આત્માના રોગોને સંખ્યામાં લખી - બોલી શકાય તેમ નથી. અસંખ્ય-અનંત રોગ (દોષ) છે આત્માના. એની ચિંતા કરનારો, એની સારવાર સમયે સમયે કરનારો જીવ; શરીર અને આત્માના : બંને રોગોથી હંમેશ માટે મુક્ત થાય છે. માત્ર શરીરના - આત્માના જ નહિ, મનના રોગો ( વિચારોનાં વાવાઝોડાં) થી પણ મુક્ત થાય છે. આવા રોગોથી મુક્ત થયેલો આત્મા હંમેશ માટે કર્મથી, શરીરથી, કષાયોથી. વિષયોથી, સંજ્ઞાઓથી, દુઃખોથી.....અરે ! સંસારનાં તમામ બંધનોથી છૂટકારો પામે છે.

સાર તો એ જ આવ્યો કે માનવદેહ એટલે હરતો - ફરતો ઉકરડો ! હાલતી - ચાલતી કચરાપેટી ! વિશેષ વિચાર કરવામાં આવે તો જણાય છે કે - ઉકરડો કે કચરાપેટી તો જ્યારે ઈચ્છો ત્યારે સાફ કરી શકાય....તેનું સ્થાન પણ બદલી શકાય.... જ્યારે કાયા માટે વિચારો.... એક ક્ષણ માટેય એને સાફ ન કરી શકાય, ક્લીન ન કરી શકાય. ઉકરડાની જગ્યા ખરાબ નથી, કચરો નાંખવાની પેટી ખરાબ -ગંદી નથી. માત્ર અંદર નાખેલો કચરો જ ખરાબ છે. એમાંથી દુર્ગંધ



આવે છે. જ્યારે શરીર તો ગંદકીથી જ નિર્માણ પામેલું છે. ગંદકીનો સમૂહ છે. સંડાસ જઈ આવ્યા પછી પણ દેહમાં ગંદકી છે જ. હોય જ છે, રહે જ છે ! લોહી-માંસ-મેદ-વસા-વીર્ય-મળ-મૂત્ર વગેરે બધું જ ગંદકીરૂપ છે. એ ગંદકી સ્વરૂપ હોવા છતાં તેમાંથી એક પણ વસ્તુની બાદબાકી કરો તો શરીર ટકી જ ન શકે. કાયાનો મહેલ કકડભૂસ્ થઈ જાય...!

જે નશ્વરકાયા મેદ-વસા-મૂત્ર-શુક્ર-શોણિત વગેરે ભયંકર અશુચિથી ભરેલી હોવા છતાં માત્ર ચામડાથી ઢંકાયેલી છે. આવા મોબાઈલ (હાલતા-ચાલતા) સંડાસ-ઉકરડા જેવી કાયા ક્યાંથી શુદ્ધ હોઈ શકે ? અશુચિથી ભરપૂર કાયા કે જે અસ્થિર છે, મેલી છે, પરવશ છે. આવી કાયાના માધ્યમથી ધર્મ દ્વારા જો સ્થિર - નિર્મળ અને સ્વાધીનતા પ્રાપ્ત થતી હોય તો નથી લાગતું કે આ ધર્મનું જ શરણ લેવા જેવું છે. બાકી તો સેંકડો વાર સ્નાન કરાવો, ગમે તેટલા મોટા પાણીના સરોવર વગેરેમાં કલાકો-દિવસો....સુધી રાખો... સાબુ વગેરે લગાવો, ગમે તેટલાં માર્જન - ઉબટન વગેરે કરો... તોય સતત નવ (સ્ત્રી માટે બાર) દ્વારોથી નિરંતર અશુચિ મલિનતા વહાવતા (કાઢતા) દેહને નિર્મળ બનાવવું ક્યારેય શક્ય નથી !

આ દેહમાં તો કેટલાય કૃમિ વગેરે જીવો ઉત્પન્ન થાય છે, રહે છે. લોહી - પરુ વગેરેથી હંમેશા મલિન જ રહે છે. ગીધ - કાગડા વગેરેની ઉજાણી માટે મુખ્ય પસંદગીનું સ્થાન છે. શિયાળો આવીને આંતરડાં ખેંચતાં હોય... માખીઓથી દેહ ઢંકાઈ જતો હોય.... કૂતરાં-બિલાડા-ઊંદર જેવા જીવો પણ જેને ખાવા દોડાદોડ કરતાં હોય.... તેવા શરીરને જોઈ એક રાજા વિચાર કરે છે : અહો ! આ અસાર એવા સંસારમાં કંઈ જ સારરૂપ દેખાતું નથી. જે શરીર માટે જ મેં તમામ કાર્યો - પાપો કર્યાં. તે શરીરને મેં સારરૂપ માન્યું-વિચાર્યું તે મારી મૂઢતા સિવાય કાંઈ જ નથી.

આ દેહ માટે કુલ-શીલ-લાજ-શરમ-મર્યાદા... બધું જ છોડ્યું, તે જ શરીરની હે મૂઢ મદોન્મત્ત જીવ ! આજે જો કેવી દશા થઈ ? આ શરીર લાખો પાપોનું કારણ છે ! ખાસ કરીને શરીર માટે જ મોટા ભાગનાં પાપો થાય છે. જેને નવડાવી-ધોવડાવી, સારાં-સારાં માલ-પાણીથી પુષ્ટ કરી, એની માગણી પ્રમાણે ઊંઘાડી, એણે જ્યારે માગ્યું ત્યારે ખવડાવ્યું - પીવડાવ્યું... તેની સારામાં સારી સેવા-ચાકરી-સરભરા કરી તેવી કાયાએ મારી તો આબરું લીધી. મને બદનામ કર્યો. મારી ફજેતી કરાવી...!! મારા કહ્યા પ્રમાણે તો ક્યારેય ચાલી જ નહીં.

આ દેહનો જન્મ અશુચિમાંથી ( પુરુષનાં શુક્ર અને સ્ત્રીનાં શોણિતમાંથી) થયો. વિવિધ રસો કે જેનો સ્વભાવ પણ વિપરિણામવાળો - અશુચિમય છે તેવા રસોથી (ખોરાક-પાણીથી) એ દેહની વૃદ્ધિ થઈ... એવો આ દેહ સ્વયં અશુચિમય હોવા સાથે નિરંતર અશુચિ જ વરસાવે છે.

આ દેહને માટે એક કલ્પના કરો કે - બહારના ભાગને અંદર અને અંદરના ભાગને બહાર : એમ પરિવર્તન કરવામાં આવે તો કોઈ બુદ્ધિશાળી, હોંશિયાર - બળવાન માનવની પણ તાકાત નથી કે તે પોતાના શરીરની ગીધ-શિયાળ-કાગડા-કીડી-મંકોડા વગેરેથી રક્ષા કરી શકે !

હવે આટલું વાંચ્યા પછી તો હૈયું કબૂલે છે ખરું કે - આ દેહ એ હાલતો - ચાલતો ઉકરડો કે સંડાસ જ છે ? આવા દેહ પાસે કઈ સારી અપેક્ષા રાખી શકાય ? એના ભરોસે શું કરી શકાય ? અવસરે જ વાંકા થઈને - રિસાઈને બેસવાનો એનો સ્વભાવ કોણ નથી જાણતું ?

ભલ-ભલા માનવોના સ્વભાવને ઓળખી લેનારો માણસ પોતાની કાયાના સ્વભાવને ક્યાં ઓળખી શકે છે ? કાયાને ઓળખવામાં મોટા મોટા માંધતા - ખરેખાંઓય થાપ ખાઈ જાય છે ! આ વિષયમાં તો સર્વજ્ઞભગવંતોનાં વચનોનો સ્વાધ્યાય કરનારો, અભ્યાસ કરનારો જ સફળ બની શકે છે. ધ

## ★ ચિંતનયાત્રા ★★★

**- શ્રીધર્મમિત્ર**

પ્રેમ - કરુણા- વાત્સલ્યનું સ્થાન ક્યાં ? પ્રેમ તો મિત્ર -સ્વજન આદિ પાસે મળી શકે છે. કરુણા દુઃખી જીવોને જોવાથી કંઈક જીવોનાં હ્રદયમાં જાગી શકે છે. વાત્સલ્ય માતાના દિલમાં પ્રાપ્ત થાય છે. ત્રણે મળે છેઃ અરિહંતના દિલમાં...! તેનો અંશ મળે છે, સાધુના હ્રદયમાં.

દ્વેષ શત્રુના દિલમાં મળે છે. સંયમી સંસારના દુશ્મન હોવાથી તેમના દિલમાં સંસાર -સુખ વગેરે પ્રત્યે દ્વેષ - ઉદાસીન ભાવ હોય છે.

ઉદારતા વિના દાન શક્ય નથી. સદાચાર વગર શીલ શક્ય નથી. ઈચ્છા પર બ્રેક મૂક્યા વગર તપ શક્ય નથી. સજ્જનતા વગર શુભભાવ સંભવિત નથી. મુનિઓનાં જીવનમાં, ધર્મી આત્માના જીવનમાં ચારે મળે છે.

સંસારીજીવો ભૌતિક આનંદની શોધમાં જીવન વિતાવે છેઃ સાધુ - સંતો આધ્યાત્મિક આનંદની શોધમાં રાત-દિવસ વ્યતીત કરે છે.



સંસારી જીવો આધિ - વ્યાધિ - ઊપાધિમાં પકડાયેલા - જકડાયેલા હોવાથી તેમને પ્રસન્નતા શોધવી પડે છે. સાધુજનોને સહજ પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય છે. સંસારીજીવોની જેમ ઉછીની લાવવી પડતી નથી. સ્વાભાવિક પ્રસન્નતાનું પાવરહાઉસ છે સંતો.

માનસીક પાપ વગર વાચિક કે કાયિંક પાપ થતાં નથી માટે મનમાં પાપ વિચાર ન જાગે તે માટે સતત સાવધાની રાખો. મનમાં ઊઠેલા પાપવિચારને તરત જ ડામવાનો પ્રયત્ન કરો. તે જ રીતે શુભવિચારોથી જ શુભપ્રવૃત્તિ થાય છે. માટે શુભવિચારો આવ્યા પછી એને તરત અમલમાં મૂકો. એમાં વિલંબ ન કરો. શુભભાવોને ટકાવવાનું કાર્ય કઠિન છે. સંયોગો અને સમય (વિલંબ) શુભભાવનાને ટકવા દેતા નથી.

પરમાત્માની કૃપા સતત વરસતી જ હોય છે પરંતુ એ કૃપાને ઝીલનાર જ પ્રાપ્ત કરી શકે છે. વરસાદ વરસતો હોય પણ ઝીલનાર વ્યવસ્થિત પાત્ર લઈને ઊભો રહે તો જ એ જળને પ્રાપ્ત કરી શકે. જળ મળ્યા પછી જ તેની શીતલતા,તૃષાશમન વગેરે કાર્ય સિદ્ધ થાય છે. તે જ રીતે પ્રભુની કૃપા મળ્યા પછી જ બાકીનાં કાર્યો સિદ્ધ થાય છે.

પાંચે ઈન્દ્રિયો હિંસા કરે છે.દરેક ઈન્દ્રિયો જૂઠ(અસત્ય) નું પાપ બંધાવે છે. તમામ ઈન્દ્રિયો ચોરી કરે છે. પ્રત્યેક ઈન્દ્રિય અબ્રહ્મસેવન કરે છે અને દરેક ઈન્દ્રિયો પરિગ્રહના પાપમાં નિમિત્ત બને છે. મનથી પણ પાંચે (આશ્રવ) પાપ બંધાય છે. માટે જ તો ઈન્દ્રિયોના ઘોડાપૂરને કાબૂમાં લેવાનાં છે. મનને વશ કરવાનું છે. ચંચળ-મન માંકડાને સ્થિરતાની - સંવરની સાંકળથી બાંધો.

ઈન્દ્રિયો અને મન અનાદિકાળથી દુર્જન તરીકે કામ કરી રહ્યાં છે. તેને શાસ્ત્રવચનોના સ્વાધ્યાયાદિ ધર્માનુષ્ઠાનોથી સજ્જન બનાવવાનો પ્રયત્ન કરવાનો છે.

પુણ્યથી ઔદયિકભાવના ફાયદા થાય તે નુકશાનકારક પણ હોઈ શકે છે. ક્ષાયોપશમિકભાવના ફાયદા થાય તો લાભ માટે થઈ શકે છે. ઔદયિકભાવના સુખોમાં લેપાવા જેવું નથી. ક્ષાયોપશમિકભાવના ગુણોમાં આગળ વધતાં ક્ષાયિકભાવના ગુણો પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવાનો છે.

જે પુણ્યનો ઉદય ભૌતિક સુખોનો રાગ-આસક્તિ વધારે તે અધ્યાત્મના માર્ગ માટે નુક્શાનકારક છે. પુણ્યનો નશો ચઢે તો આત્મા ભાન ભૂલી જાય છે.

ધ

**માણસ સવારે સ્નાન કરી આયનામાં મોઢું જુએ છે. બપોરે જમીને બજારમાં જતાં દર્પણમાં જુએ છે. સાંજે બજારમાંથી આવીને આરસીમાં મુખ જુએ છે. આ પ્રક્રિયા શા માટે ? મુખ પર ડાઘ નથી લાગ્યોને, તે જોવા માટે ? હું કેવો દેખાઉં છું તેનો ખ્યાલ કરવા માટે ?**

**અરિસામાં ચહેરાનાં દર્શન કરતાં કોઈને એવો વિચાર આવે છે કે- દર્પણમાં દેખાય છે તે 'હું' નથી. જોનાર હું છું... અરિસામાં જોવા મળતું પ્રતિબિંબ મારા આત્માનું નથી... શરીરનું છે. દર્પણમાં દેખાય છે તે માલ નથી,માત્ર બારદાન છે. શરીરના સૌંદર્યને હું મારું માની બેઠો છું. મારા પોતાના સૌંદર્યને હું વિસરી ગયો છું. જે શરીર નાશવંત છે. અહીં જ મૂકીને જવાનું છે. પાછળ જેની રાખ-માટી થવાની છે. તેના અવલોકનમાં - ચિંતામાં કલાકો વિતાવું છું. જ્યારે અવિનાશી - શાશ્વત મારા આત્માનો વિચાર જરાય આવતો નથી. આ કેવું આશ્ચર્ય ? ! ?**

**- પૂજ્યપાદ ગુરુદેવ આ.ભ.શ્રીમદ્વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

'હું મારી જાતને જોઉં છું.' અરિસામાં જોતાં આવું વિચારનારો માનવ વાસ્તવમાં બારદાનને નિહાળે છે, માલને નહિ, પુદ્ગલને નિહાળે છે, આત્માને નહીં. જે પુદ્ગલ પોતાના કહ્યામાં નથી. પોતાને વશ નથી. પરિવર્તનશીલ છે. ભવ્યમાંથી ભયાનક થવાના સ્વભાવવાળું છે.નવામાંથી જૂનું થનાર છે. સોહામણા દેખાતા પોદ્ગલિક પદાર્થો બિહામણા થવાના છે... આવા પુદ્ગલની પ્રીતિમાં જ જીવો લગભગ રમતા હોય છે. માટે જ તો પરિણામે દુઃખના ડુંગરો નીચે તે હંમેશા દબાતો જ આવ્યો છે અને દબાતો જ રહે છે. દર્પણમાં શરીરનું પ્રતિબિંબ દેખાય છે, આત્માનું નહીં. આવો વિચાર કેટલી વાર આવ્યો ? લગભગ નહીં જ!

શરીર અને શરીરના જ સૌંદર્ય પાછળ અટવાયેલા જીવોને આત્માનો વિચાર જ ક્યાંથી આવે ? દેહને જ સર્વસ્વ માનનારા એ પુદ્ગલાનંદી જીવો આત્માના સૌંદર્ય કે આનંદ સુધી કઈ રીતે પહોંચી શકે ? દેહની ગાગરમાં અટવાયેલા એ જીવો વિશાળ સાગરસમા આત્માના આનંદને વિસરી ગયા છે. શાશ્વત સુખને ભૂલી ક્ષણિક સુખ-આભાસી સુખની કલ્પનામાં જ માત્ર રમે છે. કારણ, એ તત્ત્વથી સુખ જ નથી. માત્ર કલ્પના જ છે. કલ્પનાઓમાં રહેનારા જીવો વાસ્તવિકતાને ક્યાંથી માણી શકે ? કલ્પનાઓના નાના નાના વાડામાં પુરાયેલા એ જીવને વિશાળ આકાશનું સ્વપ્ન ક્યાંથી આવે ?

દિવસમાં ત્રણવાર કે અધિકવાર દર્પણમાં દેહના દર્શન કરનારો પ્રભુ પાસે



જાય છે ત્યારે દર્પણ પૂજા કરે છે પરંતુ મારે ત્યાં શું જોવાનું, શું વિચારવાનું તેની લગભગ ખબર હોતી નથી. માત્ર ગતાનુગતિક અનુકરણ કરે છે. બીજાએ 'આમ' કર્યું...હું પણ કરું...! આ જ ભાવનામાં તેઓ રમતા હોય છે. ત્યાં દર્પણપૂજામાં જે ભાવના કરવાની છે... તે ભાવના કરતો હોય તો ઘરમાં પોતાના ચહેરાને જોવા માટે દર્પણ પાસે ગયેલા તેને જરૂર આત્માનો વિચાર આવે.

સ્નાન કર્યા પછી દર્પણમાં પોતાનું મુખ જોવાનું વિધાન શ્રાદ્ધ-વિધિમાં મૂકેલ છે પરંતુ એ વિધાનમાં જે હેતુ મૂક્યો છે તેની કોને ખબર છે ? જો તે સમયે મુખ (મસ્તક) વિનાનું ધડ દેખાય તો કેટલા દિવસમાં મોત છે ? તેનો જવાબ આપેલો છે. દર્પણમાં મુખદર્શન તે નિર્હેતુક નથી, હેતુ પુરઃસર છે. જોવાની મનાઈ નથી પરંતુ જોવા પાછળનો આશય સમજવાની જરૂર છે.આશય સમજાય તો એ રાગ-દ્વેષનું નહિ, વૈરાગ્યનું કારણ પણ બની જાય છે. કાચના દર્પણની જેમ શાસ્ત્ર-આગમ પણ આયનો જ છે. એમાં આત્મનિરીક્ષણ કરતાં આવડે તો; અનેક પૂજા -સ્નાત્ર-સ્તવનાદિની રચના કરનાર પૂ.પં.શ્રીવીરવિજયજી મ. (કે જેઓ બ્રાહ્મણકુળમાંથી આવેલા ને પદ્માવતીના કૃપાપાત્ર હતા) પીસ્તાલીસ આગમની પૂજામાં જણાવે છે કે - 'તુજ આગમ અરિસો જોવતાં રે લોલ, દૂર દીઠું છે શિવપુર શહેર જો....મને સંસારશેરી વિસરી રે લોલ...' આ પ્રભાવ આગમદર્પણમાં પોતાની જાતના નિરીક્ષણનો જ છે. દુનિયાના દર્પણમાં જોવાથી આવેલા વિચારો અને આગમ-દર્પણમાં વિલોકન પછી આવેલા વિચારોમાં કેટલો મોટો તફાવત નજરે પડે છે ?

આગમ-દર્પણમાં નજર નાખશો તો આત્મ સૌંદર્ય જોવા મળશે. ભૂલાઈ ગયેલું એ પોતાનું જ સૌંદર્ય પ્રાપ્ત કરવાની અદમ્ય ઈચ્છા પ્રગટ થશે. જગતના સૌંદર્ય પાછળ ગાંડા બનેલા જીવને એ ગાંડપણનો ખ્યાલ આવશે. પોતાની ભૂલ સુધારવાનો અવકાશ મળશે. ખોટી માન્યતાનો પર્દાફાસ થશે. પોતાના આત્મામાં રહેલા - પડેલા દોષો - ડાઘોનું જ્ઞાન થશે. જ્ઞાનના પ્રભાવે એ દોષો-દુર્ગુણો-ડાઘોના નાશ માટે એ જીવ પ્રયત્નશીલ બનશે. આ પ્રયત્ન એક દિવસ સિદ્ધિનાં અવિચલ સુખનો આસ્વાદ કરાવશે, જે આસ્વાદ શાશ્વત જ હશે ! જીવને એવા જ સુખની અનાદિકાળથી શોધ છે. પણ સન્માર્ગ ન મળવાને કારણે એ બિચારો જીવ અજ્ઞાનતા અને મોહમૂઢતાના અંધકારમાં (ઉન્માર્ગમાં) અટવાયેલો રહે છે.

જ્ઞાનનાં ચક્ષુનો ઉઘાડ થયા પછી મોહનો નશો ઓળખાશે. એ નશાના મદને ઉતારવાનો સત્પુરુષાર્થ કરવાનો ઉત્સાહ પ્રગટ થશે. પરિણામે અજ્ઞાનતા અને અવિવેક : બંને દુર્ગુણો - દોષો આત્મામાંથી વિદાય લેશે. આ દોષોની વિદાય પછી જ

આત્મસૌંદર્યનો ઉઘાડ - વિકાસ થાય છે. આ બધામાં કાર્ય-કારણભાવ રહેલો છે.

જેની રાખ-માટી થઈ જવાની છે, તેવી કાયા પાછળ વીતેલાં/વિતાવેલાં વર્ષો-મહિનાઓ-દિવસો-કલાકોનો વિચાર આવતાં જાતની ભૂલનો ખ્યાલ આવે છે. પશ્ચાત્તાપનું પૂર ઊમટે છે. એ પૂરથી પાપો - દોષો ધોવાય છે. સદ્ગુણરૂપી સોનું શુદ્ધ બને છે. એના પ્રભાવે - પ્રતાપે ; અત્યારસુધી ભગવાનમાં દેખાતા ગુણો હવે પોતાના આત્મામાં દેખાવા લાગે છે. પરિણામ એવું આવે છે કે - અત્યારસુધી જે પરમાત્મા પાસે માગવામાં આવતા હતા તે ગુણો પોતાની પાસે જ તેવો અહેસાસ થતાં માગવાની વાત પર પડદો પડી જાય છે. હવે પ્રગટ કરવાની વાતમાં (પુરુષાર્થમાં) આગળ વધાય છે. પરાધીનસુખની જગ્યાએ સ્વાધીન સુખ મેળવવાનો તલસાટ જાગે છે ! પૌદ્ગલિકને બદલે આધ્યાત્મિક આનંદ લૂંટવા માટેની સાચી દિશા પકડાય છે.

હવે સાબુ-પાણીના માધ્યમથી ધોવાતા શરીરના ડાઘ કાઢવાનો નહિ, ધર્મ-સાધનાના માધ્યમથી આત્મામાં રહેલા દોષો-દુર્ગુણોના ડાઘને કાયમ માટે કાઢવાનો જ માર્ગ નિર્ણયાત્મક નિશ્ચયાત્મક બને છે. આ નિશ્ચય જ સન્માર્ગે જીવને દોડવામાં પ્રથમ ચરણ બને છે. આવા નિર્ણય-નિશ્ચય સુધી સહુ પહોંચે; એ જ મંગલકામના.

**- વિજય ભવ્ય દર્શન સૂરિ.** ધ

## ★ અનુમોદનાનું અમૃત ★★★

**- સંકલન**

પૂજ્યપાદ આગમ-શિલ્પ-વિધિવિધાન વિશારદ આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા પશ્ચિમ - દક્ષિણ મહારાષ્ટ્રમાં વિચરી રહ્યા છે. પ્રભાવશાળી પ્રવચનોથી આ બાજુના જીવો વિશેષ આકર્ષિત છે. ઠેર ઠેર વિનંતિઓ થઈ રહી છે. પૂજ્યશ્રી કુંભોજગિરિથી કોલ્હાપુર પધાર્યા. સાંકળચંદ ગોમરાજજી ગાંધીના સુપુત્ર લલિતભાઈ (જૈન માઈનોરીટી ફેડરેશનમાં પ્રથમ હરોળના કાર્યકર્તા) ની સુપુત્રીનાં લગ્ન નિમિત્તે તે પરિવારે શ્રીસિદ્ધચક્રપૂજન અને મહાપૂજાનું આયોજન કર્યું હોવાથી તેમની વિનંતિ સ્વીકારી પૂજ્યશ્રી કોલ્હાપુર પધાર્યા. ભક્તિ-પૂજા નગરમાં તા.૧૮.૧.૧૯ પો.સુ.૧૨ શુક્રવારે સામૈયા પૂર્વક પ્રવેશ થયો. પ્રવચન-સંઘપૂજનાદિ થયેલ. ત્યારબાદ સિદ્ધચક્ર પૂજન નિવાસ સ્થાને ભણાવાયું. પો.વ.૧૫ના તા. ૨૧.૧.૧૯ સોમવારે મહાપૂજાનું આયોજન હોવાથી ત્યાં સ્થિરતા કરી...રોજ પ્રવચનો ચાલું હતાં. સંખ્યા દિન - પ્રતિદિન વધતી હતી.

પો.સુ.૧૫ ના સાંજે ભક્તિપૂજા નગરના જિનાલયમાં અદ્ભુત શણગાર કરવામાં આવ્યો હતો. એ માટે મુંબઈના ભાગ્યશાળીઓ પધાર્યા હતા. વિવિધ રંગોળીઓ કાઢવામાં આવી હતી. સોસાયટીના પ્રવેશ દ્વારથી લઈ જિનાલય સુધી સુશોભન કરવામાં આવેલ.

પો.વ.૨ તથા -, ૩ તા.૨૨/૨૩ જાન્યુઆરી મંગળ-બુધવારે પૂજ્યશ્રી લક્ષ્મીપુરી જૈન સંઘમાં પધાર્યા. બંને દિવસ વ્યાખ્યાન - સંઘપૂજનાદિ થયેલ. ઘણા દિવસની વિનંતિથી પૂજ્યશ્રી પો.વ.૬ તા.૨૬-૧-૧૯ ના રોજ પન્હાળા તીર્થે સાલગીરી માટે પધાર્યા. તા.૨૪ વચમાં રોકાઈ ૨૫-૨૬ પન્હાળા રોકાણ થયું. સાલગીરીમાં કોલ્હાપુર વગેરેથી ઘણા ભાવિકો આવ્યા હતા. અઢારઅભિષેક - ધ્વજારોહણ બાદ પ્રવચન થયું. સાધર્મિક વાત્સલ્ય વગેરે થયેલ.

ત્યાંથી પાછા ફરતાં અત્યંત વિનંતિ હોવાથી એક દિવસ ગુજરીપેઠમાં રોકાયા. ત્યાંય પ્રવચન થયું. હોલ ભરાઈ ગયો હતો. તમામ ઠેકાણે વધુ સ્થિરતા માટે આગ્રહ થતો જ હતો. પરંતુ સમયના અભાવે આગળ - આગળનાં ગામ - ક્ષેત્રોને લાભ આપવા માટે વિહાર કરવો પડતો. તા. ૨૯મીએ (પો.વ.૯) મંગળવારે પ્રતિભાનગર - મહાવીરનગર પધાર્યા. ત્યાંય બે દિવસને બદલે પ્રવચન શ્રવણ માટે આગ્રહ થતાં ચાર દિવસ રોકાવું પડ્યું. તા.૨-૨-૧૯ પો.વ.૧૩ શનિવારે કળશમંદિર - ગોકુળશિરગાંવ પધાર્યા. પો.વ.૧૪ તા.૩-૨-૧૯ રવિવારે કાગલગામ પધાર્યા. ત્યાં પૂ. ગુરુદેવ આ.ભ.વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે પૂર્વે સમવસરણમંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. ઉપાશ્રય થયો હતો.

પો.વ.O)) તા.૪-૨-૧૯ સોમવારે સૌંદલગા દિલીપ સ્મૃતિ વિહાર ધામમાં સ્થિરતા થઈ. મહા સુ.૧ તા.૫-૧-૧૯ મંગળવારે સામૈયા સાથે નિપાણી નગરમાં પ્રવેશ થયો. અહીં પોતાના પૂ.ગુરુદેવ સાથે પૂજ્યશ્રીએ વિ.સં. ૨૦૪૦ માં ચોમાસું કર્યું હતું.ત્યાં છ દિવસ સ્થિરતા થઈ. તેમાં મહા સુદ ૪ તા.૯-૨-૧૯ ને શનિવારે (નિપાણીથી ૧૩ કી.મી. દૂર) ખડકલાટ ગામમાં સો વર્ષ પ્રાચીન જિનાલયના જીર્ણોદ્ધાર બાદ ફાગણ સુદ ૭ તા. ૧૩-૦૩-૨૦૧૯ ના થનારી પ્રતિષ્ઠા સંબંધી ચઢાવા પૂજ્યશ્રીજીની નિશ્રામાં રાખવામાં આવ્યા હતા. પ્રવચનોમાં મુખ્યત્વે જીર્ણોદ્ધાર - પુનઃ પ્રતિષ્ઠાના લાભો વગેરેની વાતો આવરી લેવામાં આવી હતી.

(પૂજ્યશ્રી પોતાનાં પ્રવચનોમાં મુખ્યત્વે ચાર ભાષાનો ઉપયોગ કરે છે. ગુજરાતી-હિંદી-મારવાડી અને મરાઠી... તેથી વિશેષ ગ્રાહ્ય બને છે. આ પ્રદેશમાં કેટલાક ગુજરાતી ભાષા નથી સમજતા. મુખ્યત્વે મરાઠી ભાષાનું ચલણ વિશેષ છે. હજી રાજસ્થાનીઓએ પોતાની મારવાડી ભાષા જાળવી રાખી છે. કેટલાક ગુજરાતીઓ હવે ગૂજર ગણાય છે. તેમને તો ગુજરાતમાં કયા ગામથી આવ્યા ? ક્યારે આવ્યા ? પોતાની કુળદેવી કઈ છે ? વગેરે સંબંધી જ્ઞાન જ નથી ! એ પરિવારોની

લગભગ ૪-૬-૮ પેઢીઓ આ બાજુ વીતી ગઈ. અર્થાત્ ૧૦૦-૧૫૦-૨૦૦ વર્ષ થઈ ગયાં !)

નિપાણીના રહીશોએ પણ પૂજ્યશ્રીની પ્રેરણાથી સારો રસ દાખવ્યો. ગુજરાતી - મારવાડી તમામ ભાવિકોએ ચઢાવામાં લાભ લીધો. નાના ગામના ૨૦-૨૨ ઘરના સંઘમાં ક્યાંથી સારા ચઢાવા થાય ? પરંતુ નિપાણીમાં ચઢાવાનો કાર્યક્રમ રાખવાના કારણે ઊપજ સારી થઈ.ત્રણ ભગવાનની પ્રતિષ્ઠા કાયમી ધ્વજા, બે કળશ, યક્ષ-યક્ષિણી-પ્રસાદદેવી, ક્ષેત્રપાળ (જૂનો પરિવાર) તથા નવામાં એક ગૌતમસ્વામી ભરાવવાના અને પ્રતિષ્ઠાના તથા નવકારશી (ત્રણ ટાઈમ, પાંચ દિવસ) પૂજા -પૂજનો વગેરેના આદેશો આપ્યા.સંગીતકાર તરીકે સુમિત અશોકભાઈ ગેમાવત આવેલ. સવારે જાજમ બિછાવવાની વિધિ થયા બાદ ચઢાવા શરૂ થયા. બપોરે ૩ કલાકે પૂરા થયા. લગભગ કરોડ રૂપિયા ઉપર આવક થઈ.

આ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ; જિનાલયના જીર્ણોદ્ધાર માટે પ્રેરણા કરનાર પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયચન્દ્રભૂષણસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.ભ. વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ, પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મહારાજ, પૂ. સા.શ્રી તત્ત્વરક્ષિતાશ્રીજી મહારાજ આદિની નિશ્રામાં ઉજવાશે.

મહા સુદ ૫ તા. ૧૦-૦૨-૨૦૧૯ રવિવારે શ્રીમુનિસુવ્રતસ્વામી જિનાલયની સાલગીરી હોવાથી; સંઘના આગ્રહવશ પૂજ્યશ્રી નિપાણીમાં જ રોકાયા. વિધિવત્ ધ્વજારોહણ પર્વ ઉજવાયું. ભગવાનની પ્રતિમા ૩૧૪ વર્ષ પ્રાચીન છે. સાંજે ત્યાંથી વિહાર કરી રામપુર-સ્કૂલમાં સંથારો કર્યો. મહા સુદ ૬ સવારે ખડકલાટ પધાર્યા. શ્રી સંઘના આગ્રહથી જિનાલય નિરીક્ષણ માટે આ માર્ગ લીધો. સવારે પૂજ્ય ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજનો દીક્ષા સ્મૃતિદિન હોવાથી, સાથે પૂ.સા.શ્રી હર્ષનંદિતાશ્રીજી મહારાજ તથા પૂ.સા.શ્રી.પદ્મનંદિતાશ્રીજી મહારાજનો દીક્ષાદિન હોવાથી થોડી વાર માંગલિક પ્રવચન થયું. રૂ. ૨૦ની પ્રભાવના થઈ. નિપાણીથી કેટલાક વિહાર ગ્રુપના આવેલા યુવાનો પણ હાજર હતા. પ્રવચનમાં બધાને ચારિત્રના ગ્રહણ માટે કંઈકને કંઈક ત્યાગના નિયમ કરાવ્યા હતા. ઉપસ્થિત બધાએ નિયમો ગ્રહણ કર્યા હતા.

ત્યાંથી પૂજ્યશ્રી બેડકીહાળ - બોરગાંવ થઈ ઈચલકરંજી પધાર્યા.બોરગાંવમાં ગોકાક ગામવાળા ચોમાસા માટે વિનંતિ કરવા આવ્યા હતા. બેંગ્લોર - હાલારી સંઘવાળા ઈચલકરંજીમાં ચોમાસાની વિનંતિ કરવા આવ્યા હતા. અન્ય પણ ઘણા સંઘોની વિનંતિ આવી છે, હજી આવશે. અનુકૂળતા અને વડીલોની અનુજ્ઞાબાદ નિર્ણય લેવાશે.



ઈચલકરંજીમાં ગુજરીપેઠના શ્રીમનમોહનપાર્શ્વનાથ જિનાલયની શતાબ્દીનો પ્રસંગ આજથી લગભગ ૩૫ વર્ષ પૂર્વે પૂજ્ય ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજના ઉપદેશ - માર્ગદર્શન અને નિશ્રામાં થયો હતો. તે પછી વિ.સં. ૨૦૫૦ માં પૂ. ગુરુદેવને અતિઆગ્રહ થતાં તેઓની અનુકૂળતા ઓછી હોવાથી તેઓશ્રીએ પોતાના કૃપાપાત્ર શિષ્ય પૂ.મુ.શ્રી ભવ્યદર્શન વિ.મ.ને મોકલીને પુનઃ પ્રતિષ્ઠા કરાવેલ. તે વાતને આજે ૨૫ વર્ષ વીતી ગયાં. આ ૨૫મી સાલગીરી(રજતજયંતી) તેઓશ્રીજીની નિશ્રામાં જ ઉજવાઈ રહી છે. તે પણ શ્રી સંઘનું સૌભાગ્ય છે. એ માટે શ્રીસંઘ પૂજ્યશ્રી પાસે અલગ - અલગ ત્રણ વખત આવી ગયો. સંઘમાં નવા યુવા ટ્રસ્ટીઓમાં પણ ઉત્સાહ સારો છે. પૂજ્યશ્રીનો પ્રવેશ દબદબાભેર થયો.

સામૈયામાં, સંઘ નાનો હોવા છતાં ચિક્કાર સંખ્યા હતી. ૨૫ વર્ષે પૂજ્યશ્રી પધારતા હોવાથી ઉત્સાહ સારો હતો. કુંભના શુકન સાથે પ્રવેશ થયો. ઠેર ઠેર ગહુંલીઓથી પૂજ્યશ્રીને વધાવ્યા. જિનાલયના દર્શન કરી માંગલિક સંભળાવ્યું. ૯-૩૦ કલાકે પ્રવચનની જાહેરાત થઈ.

બરાબર ૯-૩૦ કલાકે પ્રવચન શરૂ થયું. એમાં ગુરુપૂજન તથા કામળી વહેરાવવાના ચઢાવા થયાં. ઊપજ સારી થઈ. તે પછી ભગવાનનાં ગભારા પર લગાવવાના ત્રણ તોરણ ચઢાવવા માટેની ઉછામણી બોલવાની હતી. પરંતુ પૂજ્યશ્રીના ઉપદેશના પ્રભાવે ત્રણે તોરણ સ્વદ્રવ્યથી લાભ લઈ ચઢાવવા માટે ભાવિકો તૈયાર થઈ ગયાં. એના આદેશો અપાયા. સૌના આનંદમાં અભિવૃદ્ધિ થઈ. સંઘપૂજનાદિ થયેલ.

મહા સુ. ૧૦. તા. ૧૫-૨-૨૦૧૯ શુક્રવારે સવારે ૯-૩૦ કલાકે ધ્વજાનો વરઘોડો નીકળ્યો. ધ્વજાના કાયમી લાભાર્થી શ્રી ચંદ્રકાંતભાઈ ચંદુલાલ શાહને ત્યાં ચતુર્વિધ સંઘની પધરામણી થઈ. ત્યાંથી નીચેના જિનાલયની ધ્વજાના લાભાર્થીને ત્યાં પણ પધરામણી થઈ. પછી વરઘોડો શરૂ થયો. પ્રદિક્ષણા ક્રમે વરઘોડો ફરીને શ્રીમન - મોહન પાર્શ્વનાથ જિનાલયે આવ્યો. સત્તરભેદી પૂજા ચાલુ થઈ.

નવમી ધ્વજપૂજામાં પૂજ્યશ્રી પધાર્યા. જિનાલય ચિક્કાર ભરાયેલું હતું. લગભગ પૂરો સંઘ હાજર હતો.આ જિનાલયમાં જીર્ણોદ્ધાર સમયે દવેદ્રવ્ય હતું તે શ્રીસંઘે વાપર્યું. ખૂટતા પૈસા શ્રાવકોએ કાઢીને (વગર વ્યાજની લોન આપીને) જીર્ણોદ્ધાર કર્યો એક પણ પૈસો બીજે ક્યાંથી લાવ્યા ન હતા !

(ક્રમશઃ) ધ

# દુર્જન - કોલસો

**दुर्जनेन समं सख्यं, प्रीतिं चापि न कारयेत् ।**

**उष्णो दहति चाङ्गारः, शीतः कृष्णायते करम् ।।**

કોલસા જેવા દુર્જન સાથે ક્યારેય મૈત્રી કે પ્રીતિ ન કરવી. (કારણ) કોલસો દેવતાના રૂપમાં હોય તો બાળે છે અને ઠંડો હોય તો હાથ કાળા કરે છે !